શહેર ઉદ્યોગો બચાવવા છેલ્લો સહારો

ગેસ ક્રાઈસિસ વચ્ચે નંદેસરી GIDCમાં 'સ્ટીમ હાઉસ'ની ડિમાન્ડ વધી

સપ્લાયની અનિયમિતતા અને ભાવ વધારાએ તોડી કમર; સસ્તી અને સરળ સ્ટીમ એનર્જી હવે ઉદ્યોગકારોની પહેલી પસંદ

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરની નજીક આવેલી નંદેસરી જીઆઈડીસીના ઉદ્યોગકારો અત્યારે બેવડી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. એક તરફ વૈશ્વિક પરિસ્થિતિઓને કારણે ગેસના પુરવઠામાં ક્રાઈસિસ સર્જાઈ છે, તો બીજી તરફ અદાણી ગેસ દ્વારા કરવામાં આવેલા ભાવ વધારાએ નાના અને મધ્યમ ઉદ્યોગકારોની કમર તોડી નાખી છે. આ પરિસ્થિતિમાં હવે અહીંના ઉદ્યોગો ગેસના વિકલ્પ તરીકે 'સ્ટીમ હાઉસ' તરફ વળી રહ્યા છે.

નંદેસરી જીઆઈડીસીમાં છેલ્લા ઘણા સમયથી કોમર્શિયલ ગેસના પુરવઠામાં અનિયમિતતા જોવા મળી રહી છે. ઉદ્યોગોને પૂરતા પ્રમાણમાં ગેસ મળી રહ્યો નથી. આ દરમિયાન અદાણી ગેસ દ્વારા ભાવમાં ધરખમ વધારો કરવામાં આવતા ઉદ્યોગકારો માટે ઉત્પાદન ખર્ચ જાળવી રાખવો મુશ્કેલ બન્યો છે.

નંદેસરી જીઆઈડીસીમાં છેલ્લા બે વર્ષથી સ્ટીમ હાઉસ કાર્યરત છે. શરૂઆતના સમયમાં જ્યારે ગેસનો પુરવઠો સરળતાથી અને વ્યાજબી ભાવે મળતો હતો, ત્યારે ઉદ્યોગકારો સ્ટીમ હાઉસનો ઉપયોગ કરવાનું ટાળતા હતા. પરંતુ વર્તમાન ગેસ ક્રાઈસિસને જોતા, હવે સ્થાનિક ઈન્ડસ્ટ્રીઝ અને નાના-મોટા એકમો સ્ટીમ હાઉસના કનેક્શન લેવા માટે લાઈન લગાવી રહ્યા છે.

સ્ટીમ હાઉસમાંથી મળતી વરાળ ઉદ્યોગો માટે ગેસ કરતા સસ્તી અને સરળતાથી ઉપલબ્ધ બની રહી છે. જેના કારણે ઉદ્યોગકારોનો ઉત્પાદન ખર્ચ ઘટશે અને ગેસ પરની નિર્ભરતા ઓછી થશે. રિપોર્ટ અનુસાર, દિવસેને દિવસે સ્ટીમ કનેક્શનની માંગમાં વધારો થઈ રહ્યો છે, જે દર્શાવે છે કે આગામી સમયમાં નંદેસરીના ઉદ્યોગો માટે સ્ટીમ હાઉસ એક મુખ્ય ઉર્જા સ્ત્રોત બની રહેશે.

હાલોલમાં રામનવમીની ભવ્ય ઉજવણી, જય શિયારામના નાદ સાથે શોભાયાત્રા નીકળી

(પ્રતિનિધિ) હાલોલ તા.27

મર્યાદા પુરુષોત્તમ શ્રી રામના જન્મોત્સવના પાવન અવસરે ઉજવાતા રામનવમીના પાવન પર્વને લઈને હાલોલ નગર ખાતે આજે શુક્રવારના રોજ શ્રી રામ ભક્તોમાં ભારે ઉત્સાહ અને ઉલ્લાસ ભર્યો ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો જેમાં રામનવમીના પાવન પર્વને લઈ સંતો મહંતોનાં માર્ગદર્શન હેઠળ શ્રી રામ નવમી ઉત્સવ સમિતિ દ્વારા શ્રી રામ ભગવાનની ભવ્ય શોભાયાત્રા નગરના રાજમાર્ગો પર યોજાઇ હતી.જેમાં કંજરી રામજી મંદિરના મહંત પ.પૂ. રામશરણદાસજી મહારાજ,હાલોલ વિધાનસભાના ધારાસભ્ય જયદ્રસિંહજી પરમાર સહિત સંતો મહંતો અને સામાજિક તેમજ રાજકીય મહા અનુભવો ની હાજરીમાં નગરના ગોધરા રોડ ખાતે આવેલ વીએમ સ્કૂલ ખાતેથી શુક્રવાર ના રોજ સાંજના સુમારે શ્રી રામ નવમીની ભવ્ય શોભાયાત્રા નો આરંભ કરાયો હતો.જેમાં જય શ્રી રામ જય જય રામના ગગનભેદી નારાઓના જય ઘોષ સાથે શોભાયાત્રા નગરના વિવિધ રાજમાર્ગો પર ફરી હતી.

વડોદરા શહેરમાં શુક્રવાર ગરમીનો માહોલ યથાવત રહ્યો હતો. મહત્તમ તાપમાન 38 ડિગ્રી સુધી પહોંચતાં દિવસ દરમિયાન ઉકળાટ અનુભવાયો હતો, જ્યારે લઘુત્તમ તાપમાન 22.2C નોંધાયું હતું. હવામાન ખાતા મુજબ સવારે ભેજનું પ્રમાણ 42% હતું, જે સાંજે ઘટીને 25% સુધી પહોંચ્યું હતું.

તમામ જિલ્લાઓમાં પ્રભારી સચિવોની નિમણૂક, વડોદરાની જવાબદારી પી. સ્વરૂપને સોંપાઈ

(પ્રતિનિધિ) વડોદરા. તા.27

રાજ્ય સરકાર દ્વારા વહીવટી તંત્રને વધુ ગતિશીલ અને કાર્યક્ષમ બનાવવાના ઉદ્દેશ્ય સાથે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓ માટે નવા પ્રભારી સચિવોની નિમણૂક કરવામાં આવી છે. આ ક્રમમાં વડોદરા ના પ્રભારી સચિવ તરીકે વરિષ્ઠ IAS અધિકારી પી. સ્વરૂપ ની નિમણૂક કરવામાં આવી છે. રાજ્ય સરકારના આદેશ અનુસાર, પ્રભારી સચિવોએ તેમને ફાળવવામાં આવેલા જિલ્લાઓમાં સરકારી યોજનાઓનું અમલીકરણ, વિકાસલક્ષી કાર્યોની સમીક્ષા અને સ્થાનિક વહીવટી પ્રશ્નોના નિરાકરણ માટે દેખરેખ રાખવાની રહેશે. પી. સ્વરૂપ વડોદરા જિલ્લામાં રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે સંકલન સાધશે. પી. સ્વરૂપ અગાઉ પણ વડોદરામાં વિવિધ મહત્વના હોદ્દાઓ પર રહી ચૂક્યા છે, જેના કારણે તેઓ શહેર અને જિલ્લાની ભૌગોલિક અને વહીવટી પરિસ્થિતિથી સારી રીતે માહિતગાર છે. તેમની આ નિમણૂકથી વડોદરાના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ચોમાસા પૂર્વેની તૈયારીઓ જેવી કામગીરીમાં વધુ ઝડપ આવશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, પ્રભારી સચિવો દર મહિને જિલ્લાની મુલાકાત લઈને પડતર પ્રશ્નોનો અહેવાલ સીધો મુખ્યમંત્રી કાર્યાલયને સુપરત કરશે, જેથી વહીવટમાં વધુ પારદર્શિતા અને જવાબદારી નક્કી થઈ શકે.

ડભોઈ નગરમાં રામ નવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ

(પ્રતિનિધિ) ડભોઈ

ડભોઈ નગરમાં રામ નવમીના પાવન અવસરે હિન્દુ સંગઠનો દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા ડભોઈ નગરના મધ્યમાં આવેલ પૌરાણિક શ્રી રામજી મંદિર, વકીલ બંગલા નજીકથી પ્રારંભ થઈ હતી.

શોભાયાત્રા રબારી વાગા, પંચેશ્વર મહાદેવ, કુંભારવાગા, વડોદરી ભાગોર તેમજ ટાવર ચોક જેવા વિસ્તારોમાંથી પસાર થઈને ફરી વકીલ બંગલા પાસે આવેલ પૌરાણિક શ્રી રામજી મંદિરે પહોંચી હતી. સમગ્ર યાત્રા દરમિયાન ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને જય શ્રી રામના નાદોથી નગર ગુંજી ઉઠ્યું હતું.

૩૦,૦૦૦થી વધુ કૃતિશીલોની ભાવફેરી

વડોદરામાં 'શત પ્રણતિ પર્વ' નિમિત્તે સ્વાધ્યાય પરિવાર દ્વારા રામનવમીની દિવ્ય ઉજવણી

શ્રીમદ્ ભગવદ્ગીતા પાઠશાળાના શતાબ્દી વર્ષ અને પૂજનીય તાઈજીના જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે વિશેષ આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.27

સ્વાધ્યાય પરિવાર દ્વારા આ વર્ષે 'શત પ્રણતિ પર્વ' નિમિત્તે રામનવમીનો પાવન ઉત્સવ વડોદરા જિલ્લામાં ભવ્ય અને ભાવસભર રીતે ઉજવાયો હતો. શ્રીમદ્ ભગવદ્ગીતા પાઠશાળાના શતાબ્દી વર્ષ તથા પૂજનીય તાઈજીના જન્મશતાબ્દી વર્ષને કેન્દ્રમાં રાખીને આ ઉજવણી વિશેષ ઉત્સાહ સાથે યોજાઈ હતી.

સ્વાધ્યાય પ્રવૃત્તિના પ્રણેતા પરમ પૂજનીય પાંડુરંગશાસ્ત્રી આઠવલે (દાદાજી)ના વૈચારિક વારસાને અનુસરી તથા પૂજનીય જયશ્રી તલવાલકર (દીદીજી)ના માર્ગદર્શન હેઠળ ભારતના ૧૮થી વધુ રાજ્યો અને વિશ્વના ૩૦થી વધુ દેશોમાં આ પર્વની સમૂહ ઉજવણી કરવામાં આવી હતી. વડોદરા જિલ્લામાં 'ભાવફેરી'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૨૫૦થી વધુ ટીમો દ્વારા ગામડે-ગામડે અને મહોલ્લે-મહોલ્લે દૈવી-ભ્રાતૃભાવનો સંદેશ પહોંચાડાયો હતો. આ કાર્યમાં ૩૦,૦૦૦થી વધુ કૃતિશીલ દંપતી તથા ભાઈ-બહેનો જોડાયા હતા. ઉત્સવ પૂર્વે જિલ્લામાં ૬૦૦૦થી વધુ સ્થળોએ વિશેષ બેઠકો યોજાઈ હતી, જેમાં ૧,૫૦,૦૦૦થી વધુ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. રામનવમીના દિવસે જિલ્લામાં ૨૧૦થી વધુ સ્થળોએ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં યુવાનો દ્વારા પ્રભુ શ્રીરામ અને કેવટના પ્રસંગ પર નાટ્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ સમગ્ર ઉજવણીમાં અંદાજે ૭૫,૦૦૦થી વધુ ભક્તોએ ભાગ લઈ ભક્તિ, સંસ્કારિતા અને કૃતજ્ઞતાનો અનોખો માહોલ સર્જ્યો હતો.

IMA, પેથોલોજી એસો. અને વુમન ડૉક્ટર્સ વિંગ દ્વારા સર્વાઈકલ કેન્સર સ્ક્રીનિંગ કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા. તા.27

ભારતમાં મહિલાઓમાં જોવા મળતા કેન્સરમાં સર્વાઈકલ કેન્સર એક ગંભીર ચિંતાનો વિષય છે. જાગૃતિના અભાવે અને નિદાનમાં થતા વિલંબને કારણે અનેક મહિલાઓ પોતાનો જીવ ગુમાવે છે. આ સ્થિતિને બદલવા અને વડોદરાની નારીશક્તિને સ્વાસ્થ્યનું વરદાન આપવા માટે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, વડોદરા વુમન ડૉક્ટર્સ વિંગ દ્વારા એક વિશેષ અને પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. સમાજ પ્રત્યેના પોતાના ઉત્તરદાયિત્વને સમજીને, IMA વડોદરા દ્વારા 27 માર્ચ 2026, શુક્રવારના રોજ એક વિશાળ નિઃશુલ્ક સર્વાઈકલ કેન્સર સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન માંજલપુર અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં કરવામાં આવ્યું હતું. IMA વડોદરા દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને કેન્સરના ભયથી મુક્ત કરી, તબીબી તપાસ દ્વારા સુરક્ષિત કરવાનો છે. આ સ્ક્રીનિંગ પ્રક્રિયા અત્યંત સરળ, સલામત, ચોક્કસ અને બિન-હાનિકારક છે. આ પ્રસંગે IMA વડોદરાના પ્રમુખ ડૉ. મિતેશ સી. શાહે જણાવ્યું હતું કે, મહિલાઓ પરિવારનો આધારસ્તંભ છે. જો મહિલા સ્વસ્થ હશે તો જ પરિવાર સ્વસ્થ રહેશે. 'સમયે સાવચેત, જીવન રહે સલામત' એ માત્ર સૂત્ર નથી પણ આપણા આરોગ્યની ચાવી છે.

વડોદરામાં AIBE પરીક્ષાનું સેન્ટર મળતાં વકીલ મંડળે મીઠાઈ વહેંચી ફટાકડા ફોડાયા

પ્રમુખ હસમુખ ભટ્ટ સહિત હોદ્દેદારો અને દિલીપભાઈ પટેલના પ્રયત્નોને અપાયું શ્રેય

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરમાં Bar Council of India દ્વારા AIBE (ઓલ ઈન્ડિયા બાર એક્ઝામિનેશન)નું પરીક્ષા કેન્દ્ર ફાળવાતા વડોદરા વકીલ મંડળમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. આ પ્રસંગે વડોદરા વકીલ મંડળના પ્રમુખ હસમુખ ભટ્ટ તથા હોદ્દેદારો અને આગેવાનો દ્વારા મીઠાઈ વહેંચી ફટાકડા ફોડીને ખુશી વ્યક્ત કરવામાં આવી હતી.

આ સેન્ટર વડોદરાને ફાળવવામાં આવે તે માટે વડોદરા વકીલ મંડળ દ્વારા કરાયેલા ઠરાવ, હોદ્દેદારોની સતત મહેનત તેમજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ગુજરાત પ્રતિનિધિ દિલીપભાઈ પટેલના પ્રયાસોથી આ લાભ મળ્યો હોવાનું જણાવાયું હતું. આ બદલ વકીલ મંડળ દ્વારા તમામ સંબંધિત આગેવાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જાહેરમાં ચેનચાળા કરતી ત્રણ રૂપલલના ઝડપાઈ

(પ્રતિનિધિ) વડોદરા તારીખ 27

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં જાહેરમાં પુરુષો સામે અશ્લીલ વર્તન અને ચેનચાળા કરતી 3 રૂપલલનાને પોલીસે ઝડપી પાડી હતી.

સયાજીગંજ પોલીસની ટીમ દ્વારા 26 માર્ચ ના રોજ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન ફરતા ફરતા સ્ટાફના માણસો જુના વિટકોઝ બસ ડેપો સામે રોડ પર પહોંચ્યા હતાં ત્યારે કેટલીક મહિલાઓ પુરુષો સામે બિભત્સ ઈશારા કરી તેમને આકર્ષવાનો પ્રયાસ કરતી જોવા મળી હતી. જેથી પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી તેમને ત્રણ રૂપલલનાને ઝડપી હતી. તમામ મહિલાઓને સયાજીગંજ પોલીસ સ્ટેશન લાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સયાજીગંજ વિસ્તારમાં મોડી રાત્રિના સમય પુરુષો સામે અશ્લીલ હરકત કરતાં અગાઉ પણ ઝડપાઈ ચૂકી છે ત્યારે ફરીવાર બીભસ્ત હરકત કરતા પોલીસે ત્રણ મહિલાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈમાં રાહત આપીને 300ની ટોકન સ્ટેમ્પ ડ્યુટી લેવાનો નિર્ણય

વારસાઈ સંબંધિત જમીન વ્યવહારોમાં સ્ટેમ્પ ડ્યુટીમાં રાહત આપતો મુખ્યમંત્રીનો ખેડૂતો અને પ્રજાહિતકારી નિર્ણય

પરિવારના સભ્યો વચ્ચે મિલકતો વહેંચણીની સરળતા થતાં વિવાદ અને કોર્ટ કેસમાં ઘટાડો થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.27

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સીધી લીટીના અને આડી લીટીના વારસદારો વચ્ચે થતા જમીન સંબંધિત આંતરિક વ્યવહારો માટે જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈઓમાં રાહત આપવાનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી સમક્ષ સમાજના વિવિધ અગ્રણીઓ, કિસાન સંઘ તથા ખેડૂત સંગઠનો દ્વારા કરવામાં આવેલી રજૂઆતનો તેમણે સકારાત્મક પ્રતિસાદ આપીને આ ખેડૂત તથા પ્રજા હિતકારી નિર્ણય કર્યો છે.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ 1958ની કલમ 9 હેઠળ રાજ્ય સરકારને સ્ટેમ્પ ડ્યુટી ઘટાડવા અથવા માફ કરવા મળેલી સત્તા અન્વયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખેતીની જમીન અંગેના કેટલાક કિસ્સાઓમાં જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈઓમાંથી રાહત આપીને રૂપિયા 300 ટોકન સ્ટેમ્પ ડ્યુટી લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.

આ મહત્વપૂર્ણ નિર્ણય અનુસાર વારસાઈની નોંધ/નોંધો હેઠળના સંયુક્ત કબજેદારો પૈકીના કોઈ એક અથવા વધુ વારસો (મરણ જનાર મુળ ખાતેદારના સીધી લીટીના કેસમાં એક પણ વારસ હયાત ન હોય તો આડી લીટીના વારસો) દ્વારા અન્ય એક કે વધુ વારસદારોની તરફેણમાં એક અથવા વધુ તબક્કાઓમાં હકક ઉઠાવવાના કિસ્સામાં પ્રત્યેક હકક ઉઠાવવા/કમીના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડયુટી લેવાશે.

જો સીધીલીટીના વારસો હયાત હોય તો તે પૈકીના એક યા વધુના નામ એક અથવા વધુ તબક્કાઓમાં દાખલ કરવાના કિસ્સામાં, સીધીલીટીના એક પણ વારસ હયાત ન હોય તો આડીલીટીના હયાત પૈકીના એક યા વધુ વારસોના નામ દાખલ કરવાના કિસ્સામાં પ્રત્યેક હયાતીમાં હકક દાખલના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડયુટી વસૂલ કરવામાં આવશે.

સમયના ક્રમાનુસાર એક યા વધુ તબક્કે વારસાઈ નોંધ/નોંધો અન્વયે દાખલ થયેલ સંયુકત ખાતેદારો દ્વારા એક અથવા વધુ તબક્કે વહેંચણી કરવામાં આવે (આવી વારસાઈથી સીધીલીટી અથવા તેની હયાતી ન હોય ત્યારે આડીલીટીના વારસો દાખલ થયેલ હોઈ શકે) પ્રત્યેક વહેંચણીના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડયુટી લેવાશે.

આ ઉપરાંત ખેતીની જમીનો માટે જે જોગવાઈ કરવામાં આવી છે તેમાંઃ જે કિસ્સામાં સીધીલીટીના એક પણ વારસ હયાત ન હોય તો જ આડીલીટીના પ્રકારના એક કે વધુ વારસદારોની તરફેણમાં એક અથવા વધુ તબક્કાઓમાં હકક ઉઠાવવો, હયાતીમાં નામ/હક્ક દાખલ કરવા તથા વહેંચણી અંગે, ઉક્ત દર્શાવેલ પ્રત્યેક તબદીલી લેખ રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડયુટી વસુલી વિનિયમિત કરવાની રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ પ્રજાલક્ષી નિર્ણયના પરિણામે પરિવારના સભ્યો વચ્ચે મિલકત વહેંચણી સરળ બનવાથી કોર્ટ કેસ અને વિવાદોમાં ઘટાડો થશે, કાયદેસર દસ્તાવેજીકરણમાં વધારો થશે અને હાલમાં સ્ટેમ્પ ડ્યુટી વધુ હોવાથી જે ઘણા વ્યવહારો બિનદસ્તાવેજી રહે છે. તેમાં આ સુધારા પછી લોકો સરળતાથી નોંધણી કરાવશે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
પાણી અંગેની અગત્યની જાહેરાત

આથી જાહેર જનતાને જણાવવાનું કે, પાણી પુરવઠા(ઈલે./મીકે.) શાખા અંતર્ગત માંજલપુર પાણીની ટાંકી પર આવતી ૬૦૦ મી.મી. વ્યાસની પાણીની મુખ્ય ફીડર લાઈન ઉપર ફ્લોમીટર બેસાડવાની કામગીરી તા. 30.03.૨૦૨૬ ના રોજ માંજલપુર ટાંકીના સવારના ઝોનના વિતરણ કર્યા બાદ કરવાની હોવાથી, તા. 30.03.૨૦૨૬ ના રોજ માંજલપુર ટાંકી પરથી સાંજના ૫:30 થી ૬:30 અને સાંજના ૭:00 થી ૮:00 વાગ્યાના ઝોનનું પાણી વિતરણ કરી શકાશે નહી. તેમજ તા. ૩૧.03.૨૦૨૬ ના રોજ સવારના ઝોનનું પાણી વિતરણ વિલંબથી અને ઠળવા દબાણથી કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા તેમજ કામગીરી દરમ્યાન સહકાર આપવા તથા પાણીનો અગાઉથી સંગ્રહ કરી રાખવા વિનંતિ છે.

પી.આર.ઓ.નં.૧૩૫૫/૨૫-૨૬ કાર્યપાલક ઇજનેર(પા.પુ.-ઇલે.મીકે.)

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૪૦૦૭૩૮૭૧	મિલકત સામે લોન	૧. જાગૃતકુમાર પરમાર ૨. સવિતાબેન પરમાર	૧૮.૦૩.૨૦૨૬	રૂા.૫,૦૯,૧૧૮.૦૯

મિલકત સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતુ પાકુ રહેણાંક નું મકાન ના ગામ પંચાયતની મિલકત નં. ૧૮૬ ગામતડ જમીન મિલકત એરીયા ૧૫૨૩.૦૦ ચો.ફુટ ગામ. ધંતેજ (આંનદી ના મુવાડા), તા. સાવલી, જી.વડોદરા, ગુજરાત –૩૯૧૫૩૦ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** તખતસિંહ મોહનસિંહ, **પશ્ચિમ તરફ :** અરવિંદભાઈ અર્જુનસિંહ નુ ઘર,**ઉત્તર તરફ :** જાહેર રોડ, **દક્ષિણ તરફ :** ખુલ્લો વાડો આવેલ છે.

આથી તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૨૮.૦૩.૨૦૨૬
સ્થળ : વડોદરા,ગુજરાત

ડિમાન્ડ નોટિસ
એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ
સીઆઈએનઃ U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કાલિના, મુંબઈ-400098

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની (ઉપરોક્ત કાયદો) કલમ 13 (2) ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 (1) સાથે વાંચતા

મૂળ ધીરાણકર્તાએ નીચે ઉલ્લેખીત નાણાકીય મિલ્કત એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડને સોંપી છે જેણે નીચે ઉલ્લેખીત વિવિધ ટ્રસ્ટીસ (ઈએઆરસી) તરીકે પોતાની ક્ષમતાનો ઉપયોગ કર્યો છે. અસાઇનમેન્ટ એગ્રીમેન્ટ અનુસાર, SARFAESI એક્ટ, 2002ની કલમ 5 હેઠળ, ઈએઆરસી એ અસાઇનર તરીકે પ્રવેશ કર્યો છે અને ઉધાર લેનારાઓ દ્વારા મેળવવામાં આવતી નાણાકીય સહાયના સંદર્ભમાં અસાઇનરના તમામ અધિકારો, શીર્ષક અને હિત અને EARC સુરક્ષિત લેણદાર તરીકે તેના તમામ અધિકારોનો ઉપયોગ કરે છે.

નીચે સહી કરનાર એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડના (ઈએઆરસી) અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (12) હેઠળ અને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી ઉપરોક્ત કાયદાની કલમ 13 (2) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં ઋણ લેનારાઓને નોટિસમાં ઉલ્લેખીત રકમ ચુકવી દેવા કહેવાયું હતું ઉપરોક્ત નોટિસના સંબંધમાં ઋણ લેનારાઓને ઈએઆરસીને નીતે ઉલ્લેખીત રકમ જેમ કે ડિમાન્ડ નોટિસમાં વિગત આપવામાં આવી છે તેમ લોન એગ્રીમેન્ટની સાથે અન્ય દસ્તાવેજો-લખાણ જો કોઈ હોય તો તેની સાથે વાંચતા નીચે ઉલ્લેખીત તારીખથી જે દિવસે ચુકવણી કરાય અથવા છોડાવવામાં આવે ત્યાં સુધી આગળવા વ્યાજ સાથે ચુકવવા અહીં ફરીથી નોટિસ આપવામાં આવે છે, આ નોટિસ પ્રકાશિત થયાના 60 દિવસમાં તે રકમ ચુકવી દેવાની છે. તે ઋણની ચુકવણી માટે સિક્યોરીટી તરીકે નીચે ઉલ્લેખીત મિલકત તે ઋણ લેનારાઓ દ્વારા ઈએઆરસીને ગીરે મૂકવામાં આવી છે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નંબર	ટ્રસ્ટનું નામ અને વેચાણ કરનાર સંસ્થા	દેવાદાર/સહ-દેવાદાર/ જામીનદારના નામ	13(2) નોટિસની તારીખ અને 13 (2) નોટિસ રકમ (રૂપિયામાં)
1	624830507 & 626329119	HDFC Bank Ltd EARC TRUST-SC 469	1. છેલારમાણી ટેકચંદ ટી. (દેવાદાર) 2. છેલારમાણી કોશી (સહ-દેવાદાર)	26-02-2026 & Rs.1,69,726.80 (રૂપિયા એક લાખ ઓગણસિત્તે